

પ્રકાશ માટે પુરુષાર્થ - કેવું અદ્દભૂત દ્રશ્ય છે... જેમના જીવનમાં પ્રકાશની અનુભૂતિ થતી નથી કે થવાની નથી... અજવાસ જોયો નથી કે, જોવાનો નથી... એવી પ્રજ્ઞાચક્ષુ દિકરીઓ બીજાને પ્રકાશની અનુભૂતિ કરાવવા કેવો પુરુષાર્થ કરે છે... આ પુરુષાર્થને વંદન છે... આ ભાવનાને સલામ છે... આપણા કોડીયામાંથી દીવો પ્રગટે અને અજવાસ અનુભવીએ... એ તો સહજ છે... પણ જેમણે કોડીયાનો આકાર, પ્રકાશનું પ્રાગટ્ય કે દીવાનો અજવાસ અનુભવવાનો નથી છતાં પ્રકાશ પાથરવાનું ઉમદા કાર્ય કરે છે... આવો આપણે સૌ સાથે મળી આ દિવ્યાંગ બાળકોના પુરુષાર્થને ઉમળકાથી વધાવીએ....

# ગાંધીનગર જિલ્લામાં ચાઈલ્ડ સેક્સ રેસિયાની વધ-ઘટને લઈ ભારત સરકારે ચિંતા વ્યક્ત કરી

**બેટી બચાવો; બેટી પઢાઓ યોજનાના અસરકારક અમલીકરણને લઈ પણ કેન્દ્ર સરકારે વાત કરી છે**

**(પ્રકાશ જહા)**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં દિકરી બાળજન્મના સેક્સ રેસિયામાં થઈ રહેલ વધ-ઘટ અંગે ભારત સરકારે ગંભીર નોંધ લઈ અને જિલ્લા કલેક્ટરને આ દિશામાં તાત્કાલિક ધ્યાન કેન્દ્રીત કરવા માટે સૂચવ્યુ છે.

ભારત સરકારના મહિલા બાળવિકાસ મંત્રાલયના અધિક સચિવ કે. મોલેસ ચલાઈએ આ પત્ર લખી અને રાજ્ય સરકારનું પણ ધ્યાન દોર્યું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ચાઈલ્સ સેક્સ રેસિયામાં જે વધ-ઘટ જોવા મળી છે તે ચિંતાનો વિષય પુરવાર થયો છે અને જિલ્લાના ટાસ્કફોર્સની તાત્કાલિક બેઠક યોજી દિકરી જન્મને પ્રોત્સાહિત કરવાની રણનીતિ જિલ્લા માટે અલગથી બનાવવા પણ સૂચન કર્યુ છે.

ભારત સરકારના સચિવે તેમના પત્રમાં હેલ્થ મેનેજમેન્ટ ઈન્ફર્મેશન સીસ્ટમમાં જે આંકડા રજીસ્ટર થયા છે તેનો ઉલ્લેખ કરી આ દિશામાં ગંભીર ધ્યાન દોર્યુ છે.

૨૦૧૪-૧૫માં જિલ્લામાં ચાઈલ્ડ સેક્સ રેસિયો ૮૮૫ હતો તે ૨૦૧૫-૧૬માં ઘટીને ૮૮૩ થયો હતો. આ પછી ૨૦૧૬-૧૭માં તેમાં સુધારો આવ્યો હતો અને ૯૦૮ આ રેસિયો પહોંચ્યો હતો. ૨૦૧૭-૧૮માં પણ સેક્સ રેસિયામાં સારો એવો સુધાર જોવા મળ્યો હતો જે વધીને ૯૫૩ થયો હતો. જ્યારે ૨૦૧૮-૧૯માં પાછો આ રેસિયામાં ઘટાડો નોંધાયો છે અને તે ૧૦૦૦ બાળકે ૯૧૧ દિકરીઓના જન્મ દર્શાવે છે.

જિલ્લામાં જે રીતે વધ-ઘટ દિકરા-દિકરીના જન્મને લઈ જોવા મળી રહી છે તે અંગે ભારત સરકારે જિલ્લા કલેક્ટર અને રાજ્ય સરકારનું ધ્યાન દોર્યુ છે. જો કે આ બાબતે જિલ્લાનું આરોગ્યતંત્ર સાવ અજાણ હોવાનું કહેવાય છે.

જિલ્લામાં ચાઈલ્ડ સેક્સ રેસિયામાં જણાયેલ વધઘટ માટે વધતા જતા શહેરીકરણની વાતો તંત્ર જવાબદાર લેખાવી રહેલ છે. જિલ્લામાં ગાંધીનગર ઉપરાંત ચાર શહેરો છે બાકી ૩૦૩ ગામ છે.

જિલ્લામાં સરકારી સંસ્થાઓમાં પણ પ્રસુતિની સંખ્યા ૫૦ ટકાની આસપાસ જ નોંધાઈ છે. જો કે જિલ્લામાં ૧૦૦ ટકા સંસ્થાકીય પ્રસુતિ થતી હોવાનો દાવો આરોગ્ય તંત્ર કરી રહ્યુ છે પણ ચાઈલ્ડ સેક્સ રેસિયાને લઈ સરકારે કે જિલ્લા તંત્રએ ક્યારેય ચિંતા વ્યક્ત કરી હોય તેવુ ધ્યાને નથી આવ્યુ. જિલ્લામાં ૧૦૦થી વધુ ગામો એવા છે જ્યાં દિકરા કરતાં દિકરીઓના ઓછા જન્મ નોંધાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

**દિવાળીના પર્વની અનોખી ઉજવણી માટે**

# ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રંગોળી સ્પર્ધા યોજાશે

**૨૪મી ઓક્ટોબરને ગુરૂવારના રોજ સ્પર્ધા ચાર વયજૂથમાં યોજાશે : પ્રત્યેક જૂથમાંથી ત્રણ વિજેતાઓને અનુક્રમે ૫ હજાર, ૩ હજાર અને ૨ હજારનું રોકડ ઈનામ અપાશે**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરને સાંસ્કૃતિક નગરી બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપનારી અને આપી રહેલી સંસ્થા ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આગામી દિવાળીના પર્વની અનોખી ઉજવણી માટે રંગોળી સ્પર્ધાની જાહેરાત કરવામાં આવી છે.

ફ્રી હેન્ડ થીમ પર યોજાઈ રહેલી આ રંગોળી સ્પર્ધા માટે ચાર વયજૂથ નિયત કરવામાં આવ્યા છે : ૮ થી ૧૦ વર્ષ, ૧૧ થી ૨૦ વર્ષ, ૨૧ થી ૪૦ વર્ષ અને ૪૧ વર્ષથી વધુ. પ્રત્યેક જૂથમાંથી શ્રેષ્ઠ ૩ સ્પર્ધકોને વિજેતા જાહેર કરવામાં આવશે અને તેમને અનુક્રમે રૂપિયા ૫ હજાર, ૩ હજાર અને ૨ હજારનું રોકડ ઈનામ આપવામાં આવશે. ભાગ લેનારા દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવશે.

તા. ૨૪મી ઓક્ટોબરને ગુરૂવારના રોજ બપોરે ૧ થી ૪ દરમિયાન આ રંગોળી સ્પર્ધા સરકારી લગ્નવાડી, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે યોજવામાં આવી છે. સ્પર્ધા અંતર્ગત રંગોળી તૈયાર કરવા માટે સ્પર્ધકને ૩ કલાકનો સમય આપવામાં આવશે.

રંગોળી સ્પર્ધામાં ભાગ લેવા માટેના ફોર્મ સવારે ૧૧ થી સાંજે ૭ વાગ્યા દરમિયાન ગાંધીનગર સમાચાર કાર્યાલય, ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી રૂપિયા ૧૦૦ ચૂકવીને મેળવી શકાશે. ભરેલાં ફોર્મ પરત કરવાની અંતિમ તારીખ ૨૨મી ઓક્ટોબર નિયત કરવામાં આવી છે.

દિવાળી પર્વોના પગલે યુવક-યુવતીઓમાં સર્જનાત્મક શક્તિની અભિવ્યક્તિ માટે પ્રથમ વખત યોજાતી રંગોલી સ્પર્ધા કલા-આરાધકો માટે ઉમદા તક બની રહેશે.

# બિન-સચિવાલય સંવર્ગની રદ થયેલ પરીક્ષા ૧૭મી નવેમ્બરે યોજાશે

**અગાઉ જે યુવાનો-વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે તે તમામ ઉમેદવારો પરીક્ષા આપી શકશે : ધોરણ-૧૨ પાસ અને ગ્રેજ્યુએટ એમ બધા ઉમેદવારો પરીક્ષા આપી શકશે : અગાઉ જાહેર કરેલ ૩૧૭૧ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા લેવાશે : આજથી જ વિદ્યાર્થીઓ કોલલેટર ડાઉનલોડ કરી શકશે**

ગાંધીનગર, તા. ૧૬

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે, બિન-સચિવાલય સંવર્ગની રદ થયેલી પરીક્ષા આગામી ૧૭ મી નવેમ્બર-૨૦૧૯ ના રોજ યોજાશે. જે વિદ્યાર્થીઓએ અગાઉ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે તે તમામ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકશે. હવે ધોરણ-૧૨ પાસ અને ગ્રેજ્યુએટ યુવાનો પણ આ પરીક્ષા આપી શકશે.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યુ કે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી સંવેદનશીલ સરકારે રાજ્યના વિદ્યાર્થીઓ-યુવાઓએ જે તૈયારી કરી હતી અને મા-બાપની આકાંક્ષાઓ પૂર્ણ થાય તે માટે યુવા વર્ગ, ધારાસભ્યો અને વિવિધ સંસ્થાઓ દ્વારા કરાયેલ રજુઆતોને ધ્યાને લઈને વિદ્યાર્થીઓના હિતમાં રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો છે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, રાજ્ય સરકારે યુવાનો સરકારી સેવામાં જોડાઈ શકે તે માટે ભૂતકાળની સરકારોએ ભરતીમાં જે કાપ મુક્યો હતો એ આ સરકારે કાપ ઉઠાવીને વાર્ષિક ભરતી કેલેન્ડર બનાવ્યું છે અને તે મુજબ છેલ્લા ઘણા વર્ષોથી ભરતી પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી રહી છે. ગત વર્ષે ૭૦,૦૦૦થી વધુ યુવાનોની સરકારી સેવાઓમાં ભરતી કરવામાં આવી છે જેનો લાભ પ્રજાને વધુ સારી રીતે સરકારી કામગીરી પુરી પાડવામાં થઈ રહ્યો છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બિન-સચિવાલય સંવર્ગમાં ૩૭૭૧ વિવિધ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. પરંતુ લોકસભાની સામાન્ય ચુંટણીઓની આચારસંહિતા આવવાથી ભરતી પ્રક્રિયા મોકુફ રહેલ. વધુમાં કેન્દ્ર સરકાર દ્વારા જે ૧૦ ટકા આર્થિક અનામતનો કાયદો બનાવ્યો તેનો રાજ્યના યુવાનોને લાભ મળે તે આશયથી ગુજરાતે ઈ.ડબલ્યુ.એસ.ક્વોટાનો દેશભરમાં સૌ પ્રથમ અમલ કરીને ઈ.ડબલ્યુ.એસ.ના ઉમેદવારોને પણ સરકારી સેવામાં તક મળી રહે તે માટે આ ભરતીમાં જોગવાઈ કરી છે.

તેમણે ઉમેર્યુ કે, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ગ્રેજ્યુએશનનું નોટીફીકેશન બહાર પડી ગયું હોવા છતાય ૧૦ લાખથી વધુ યુવાનોએ આ પરીક્ષાની તૈયારીઓ કરી હતી. તેને ધ્યાને લઈને યુવાનોના હિતમાં આ નિર્ણય કરાયો છે. આ પરીક્ષા અગાઉ જાહેર કરેલ રાજ્યના ૩૧૭૧ જેટલા પરીક્ષા કેન્દ્રો પર લેવાશે. આ માટે કોઈ નવું રજીસ્ટ્રેશન યુવાનોએ કરવાનું રહેશે નહી. પરીક્ષા માટેના કોલલેટર પણ આજથી જ વિદ્યાર્થીઓ ડાઉનલોડ કરી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકારી સેવાઓમાં યુવાનોને તક આપવા માટે જી.પી.એસ.સી., ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ તથા ગુજરાત પંચાયત પસંદગી મંડળ દ્વારા વિવિધ પરીક્ષાઓનું આયોજન થાય છે. જેમાં સંપૂર્ણ પારદર્શિતાથી પસંદગી કરીને યુવાનોને નોકરી આપવામાં આવે છે.

# અંબોડમાં દિપડાને પકડવા માટે ચાર પાંજરા મુકાયા

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરના અંબોડ ગામમાં હજુ દિપડો હોવાની વાતની ખરાઈ થતા વનતંત્રએ વિવિધ ચાર જેટલા પાંજરા મુકીને દિપડાને કેદ કરવા માટે પ્રયાસો શરૂ કરી દીધા છે. છેલ્લા એક વર્ષથી શહેર આસપાસ સ્થિત નદીકીનારાના ગામો દિપડાની ગિરફતમાં હોવાનુ સ્પષ્ટ થતા ગ્રામજનોમાં દિપડાની દહેશત પ્રબળ બની છે.

ગાંધીનગર નજીક સ્થિત નદીકાંઠાના ગામોમાં દિપડાનો વસવાટ હજુ યથાવત છે. અલબત્ત બે દિવસ અગાઉ વનતંત્રએ દિપડાને પાંજરામાં કેદ કર્યા બાદ પણ હાલ દિપડી અને તેનુ બચ્ચુ અંબોડના જંગલમાં વસવાટ કરતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. સ્થાનિક ગ્રામજનોએ પણ દિપડાને જોયા બાદ હરકતમાં આવેલા વનતંત્રએ દિપડાને કેદ કરવા માટે ચાર જેટલા પાંજરા મુકી દીધા છે. આ દિપડાએ ગામમાં ભેંસ પર હુમલો કર્યો હોવાનુ પણ ધ્યાને આવતા ગ્રામજનોમાં પણ દહેશત પ્રવર્તી છે. એક દિપડાને કેદ કર્યા બાદ હજુ પરિવાર સાથે દિપડો ત્યાં વસવાટ કરતો હોવાની વાત ધ્યાને આવતા વનતંત્ર ફરી એકવાર એલર્ટ મોડમાં આવી ગયુ છે.

**દશાલા ગામના ખેડુતોએ પણ દિપડાને જોયો હોવાની વાત સામે આવી**

દિપડાને પકડવા માટે વનતંત્રએ મારણ સાથે પાંજરા મુકી દીધા છે જયારે એક દિપડો પકડાયા બાદ હજુ પણ દિપડી સહીત તેનુ બચ્ચુ જંગલ વિસ્તારમાં હોવાનુ સ્પષ્ટ થતા અનેક તારણો સામે આવી રહ્યા છે ગત ધનતેરસે સચિવાલયમાં દિપડો ઘુસી ગયા બાદ મહામહેનતે વનતંત્રએ દિપડાને પાંજરામાં કેદ કર્યો હતો. છેલ્લા એક વર્ષથી દિપડો અને તેનો પરિવાર ગાંધીનગર નજીક સ્થિત

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના મુખ્ય માર્ગો પરના વન આરક્ષિત વિસ્તારમાં સફાઈ

**ચોમાસા દરમિયાન ઉગી નિકળેલા ઘાસ અને વનસ્પિતને દુર કરવા અભિયાન**

ગાંધીનગર તા ૧૬

વરસાદી દિવસોના અંતે વનતંત્ર દ્વારા શહેરના મુખ્ય માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં સફાઈનુ કામ શરૂ કરી દેવાયુ છે. નગરના જ તેમજ છ મર્ગ પર વન આરક્ષિત વિસ્તારની સફાઈ કરી દેવાઈ છે. ચોમાસા દરમિયાન સેકટરોના માર્ગો આસાપાસ સ્થિત વિસ્તારમાં હરિયાળુ ઘાસ તેમજ વનસ્પતિ ઉગી નિકળતા નવા રોપાઓની વાવણીને પણ નુકશાન ન થાય તે માટે વનતંત્ર દ્વારા જરૂરી સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે દિવાળીના અંતે વન આરક્ષિત વિસ્તારમાં કરવામાં આવેલી ફેન્સીંગનુ પણ સમારકામ હાથ ધરાશે.

ગાંધીનગરના વિવિધ માર્ગો હરિયાળીથી ઘેરાયેલા છે. માર્ગોની આસપાસ વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે .જયારે આ વિસ્તારમાં વૃક્ષોની વનરાજી પણ વિશેષ છે. જયારે ચોમાસા દરમિયાન વન આરક્ષિત વિસ્તારમાં બિનજરૂરી ઘાસ તેમજ વનસ્પતિ ઉગી નિકળી છે. જેના લીધે આ વિસ્તારમાં જીવાત અને ઝેરી જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધ્યો છે. સેકટરોમાં રહેણાંક વિસ્તારની નજીક પણ આવી સ્થિતિ છે. જયારે વનતંત્ર દ્વારા માર્ગો આસાપાસ સ્થિત વન આરક્ષિત જગ્યાની સફાઈનુ

● અનુસંધાન પાન-૭ પર



દિપાવલીનું કાઉન્ટ-ડાઉન : શહેરના જનજીવનમાં હવે દિપાવલીનું કાઉન્ડ-ડાઉન શરૂ થઈ ગયું છે... બજારો તૈયાર થઈ રહ્યા છે... મીઠાઈની દુકાનોમાં ધમધમાટ જોવા મળે છે... ફટાકડાના ટેન્ટ બંધાઈ રહ્યા છે... ત્યારે ગાંધીનગરના માર્ગો પર ગૃહસુશોભનની વિવિધ પ્રકારના આર્ટીફિશીયલ ફલાવર્સની હાટડીઓ મંડાઈ ગઈ છે... દિપાવલીને વધાવવા પોતપોતાની શક્તિ મુજબ દરેક પરિવાર ઘરમાં સજાવટ કરે છે... કોઈ મોંઘામાં મોઘા કુંડા લાવે, કોઈ આકર્ષક વૉરપીસ લાવે કોઈ અદ્યતન રાચ-રચીલુ વસાવે... પરંતુ સામાન્યમાં સામાન્ય પરિવાર દિપાવલીના ઉમંગને વ્યક્ત કરવા રંગબેરંગી સુશોભનની ચીજવસ્તુઓથી મનને ઉલ્લાસથી છલકાવે છે...

# બાસણના દબાણ મામલે માર્ગ મકાન વિભાગના સચિવને હાઈકોર્ટની કારણદર્શક નોટીસ

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરના બાસણ ગામમાં વર્ષો જુના કાચા પાકા દબાણો દુર કરવાના મામલે અપાયેલી નોટીસ આપવાના કેસ સંદર્ભે હાઈકોર્ટે માર્ગ મકાન વિભાગના સચિવને કારણદર્શક નોટીસ આપી આગામી તા ૧૮ નવેમ્બર સુધીમાં લેખિત જવાબ રજુ કરવા માટે આદેશ કર્યો છે.

ગાંધીનગર નજીક બાસણ ગામમાં ઠાકોર વાસમાં વસવાટ કરતા ૪૨ વ્યકિતઓ જેમની જમીન ગાંધીનગર ટાઉનશીપ બનતા વર્ષ ૧૯૬૯ માં સંપાદન થઈ હતી. જયારે આ વ્યકિતઓને રહેણાંક માટે ૮૦ ચો મી નો પ્લોટ ફાળવવા માટે સરકાર દ્વારા અગાઉના વર્ષોમાં પરિપત્ર પણ બહાર પાડવામાં આવ્યો હતો. જયારે કલેકટર દ્વારા ડ્રો પધ્ધતિથી ૯૭ લાભાર્થીઓને પ્લોટ ફાળવવા હુકમ કરાયો હતો. પરંતુ પ્લોટ આપવામાં આવ્યા ન હતા. જયારે આ બાસણના અરજદારોનો રાઈટ ટુ સેલ્ટરનો અધિકાર હોવાનુ જણાંવી અરજદારોના પુન : વસવાટની વ્યવસ્થા વિના તેમના રહેણાંકના મકાનો તોડી શકાય નહીં તેમ પણ અરજદારોના વકીલ જયંત પ્રેમશંકર ભટ્ટે અને જિત જયંત ભટ્ટે કોર્ટ સમક્ષ દલીલમાં જણાંવ્યુ હતુ. તેમણે ઓલ્ગા ટેલીસ વિરુધ્ધ મુંબઈ બૃહદ મ્યુ કોર્પોરેશનના ચુકાદા પર આધાર રાખી વધુમાં જણાંવ્યુ હતુ કે બંધારણના રાઈટ ટુ લાઈફના

**આગામી તા ૧૮ નવેમ્બર સુધીમાં લેખિત બચાવ રજુ કરવા આદેશ**

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર મહુડી માર્ગને રીસરફેસ કરવા ઉગ્ર માંગ

**માર્ગ વાઇડનીંગની કામગીરીના વર્ષો બાદ સરફેસની જાળવણી માટે કોઇ આયોજન થયુ નથી**

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર મહુડી માર્ગને રીસરફેસ કરવાની માંગ ઉઠવા પામી છે પ્રવાસન પથ તરીકે ઓળખાતા આ માર્ગના વાઈડનીંગ તેમજ નવિનીકરણ પાછળ અગાઉ તોતિંગ ખર્ચ કરાયો હતો. પરંતુ લાંબા સમયથી માર્ગની જાળવણી માટે કોઈ આયોજન થયુ નથી જેના લીધે માર્ગની સરફેસ પણ ખરાબ થઈ ગઈ છે.

ગાંધીનગર મહુડી માર્ગના નવિનીકરણને પાંચ વર્ષથી વધુ સમય વિતી ગયો છે. પ્રવાસન પથ તરીકે ઓળખાતા આ માર્ગના વાઈડનીંગ તેમજ નવિનીકરણ પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો હતો જયારે આ માર્ગ પર પવિત્ર યાત્રાધામ સ્થિત હોવાથી રોજબરોજ ટ્રાફિકની અવરજવર પણ વિશેષ જોવા મળે છે. પ્રવાસન પથ તરીકે ઓળખાતા આ માર્ગ પાંચ વર્ષ અગાઉ સાંકડો હોવાથી માર્ગ સલામતી જોખમાતી હતી જયારે વાહનોની અવરજવરની સાથે અકસ્માતો પણ વધુ થતા હતા. જયારે આ માર્ગ પર વાહનોના વિશેષ ટ્રાફિકને અનુલક્ષીને અગાઉ આ માર્ગનુ વાઈડનીંગ કરવામાં આવ્યુ હતુ રૂટમાં આવતા વૃક્ષોની કટોતીના લીધે આ કામગીરીમાં પણ વિલંબ ઉભો થયો હતો. જયારે માર્ગ વાઈડનીંગની આ કામગીરી દરમિયાન વૃક્ષોની પણ વિશેષ કટોતી થઈ હતી. જયારે છેલ્લા પાંચ વર્ષમાં આ માર્ગનુ ધોવાણ

● અનુસંધાન પાન-૭ પર

**નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ કો. ઓપરેટીવ મેનેજમેન્ટ**
(એન.આઈ.સી.એમ.)
ઈન્ફોસીટીની બાજુમાં, ઈન્દ્રોડા સર્કલ, કોબા - ગાંધીનગર રોડ, ગાંધીનગર - ૩૮૨૦૦૭
ફોન નં. : (૦૭૯) ૨૩૨૧૩૦૩૭ / ૩૮ / ૩૯.

**ગર્લ્સ હોસ્ટેલ માટે રેકટર જોઈએ છે**

સંસ્થાની ગર્લ્સ હોસ્ટેલમાં પૂર્ણ સમયના રેકટરની જરૂરીયાત માટે ઉમેદવારોએ તેમનો સંપૂર્ણ બાયોડેટા, ફોટોગ્રાફ, શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવના પ્રમાણપત્રોની નકલ સાથેની અરજી તા.૨૬/૧૦/૨૦૧૯ પહેલાં મળે તે રીતે મોકલવી.

- મેનેજીંગ ટ્રસ્ટી

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2008 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com